ઓ૩મ્.

કાઠે રોનું હાલે

અને

શ્રી મન્શારામને બે બોલ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

નરસિંહલાલ ધમનમલ.

(સિંધ) ઠઠ્ઠા.

પ્રથમ આવૃત્તિ. પ્રત ૫૦૦.

વિ. સંવત્ ૧૯૭૦ } દયાનંદાબ્દ ૩૧ { ઇ. સ. ૧૯૧૩

અમદાવાદ.

ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ શામળદાસે છાપ્યું.

કિંમત ૦—૦—૩.

“[illegible] પ્રાપ્તિ.”
નામક પુસ્તક.

ઘણા દિવસથી પ્રગટ થઈ ગયું છે પુસ્તકની ઉત્તમતા માટે સ્વમુખે પ્રશંસા કરવી અમને ઇષ્ટ લાગતી નથી. ૨૪ ઑગસ્ટનાં આર્ય પ્રકાશમાં તેની સમાલોચનામાં પુસ્તકની ઉત્તમતા દર્શાવવામાં આવી છે. દરેક ધર્મ જિજ્ઞાસુઓને આ પુસ્તક એકવાર અવશ્ય વાંચવા મારી ભલામણ છે. મુલ્ય પણ વ્યાજબી ત્રણ આનાજ રાખવામાં આવ્યું છે. પુસ્તક કર્તા પાસેથી અથવા આર્ય સમાજ ઠઠ્ઠામાં મળી શકશે.

કાગહંસ પરીક્ષા.

આજ કાલના બ્રાહ્મણ ભુદેવો અને ખરા બ્રાહ્મણોની પરીક્ષા કરવી હોય તો કાગહંસપરીક્ષા જરૂર વાંચશો. વર્તમાન કાળના ભુદેવોનાં બ્રાહ્મણત્વનાં ૭ ચિત્રો પણ તેમાં આપવામાં આવ્યાં છે. છતાં મુલ્ય માત્ર બે આના રાખવામાં આવ્યા છે.

ભાટિયાઓની ગુરૂ ભક્તિ.

વૈષ્ણવ ધર્મનો મહિમા જાણવાની ઇચ્છા હોય તો જરૂર ભા. ગુ. વાંચશો. બીજી આવૃત્તિની બે હજાર કોપીયોમાં બાકી જુજ કોપી રહી છે. શેઠ હરીદાસ આશાનંદે આ ચોપડી પર કેસ કર્યો હતો પણ પુષ્ટિ માર્ગની પોલ ખુલી જશે એ ભયથી કેસ પાછો ખેંચી લીધો હતો. મુલ્ય દોઢ આનો.

ઠેકાણુ—આર્ય સમાજ. (ઠઠ્ઠા સિંધ.)

આ પુસ્તક છપાતાં વીલંબ થવાનું કારણ—સીંધમાં પ્રેસની અગવડતા અને મારૂ પરદેશ ગમન હોવાથી.

ओ३म्.

કાઢે એનું હાલે.

વાંચક વૃંદ !

સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે આપણા દેશની એવી સ્થિતી છે કે, જેમાં સારૂ કે નડતું, હઠ હિંમતથી કરવા. જે કાઢે તેનું હાલે! પાંચ માણસ સંપ કરી કહે કે ફલાણાની પાઘડીમાં ઊંટ અમે જાતે જોયું તે વખતે મન્શાદેવી પણ સામને સાક્ષાત આવી ઉભી રહી, અને અમને કહ્યું કે, જે લોકો આ પાઘડીમાં બેઠેલા ઊંટને નહી માનશે, તેનું હું સર્વસ્વ નાશ કરીશ. અને જેઓ પાઘડીમાં ઊંટ બેસાડી તેપર મને બિરાજમાન કરી મારી પુજા કરશે તેને હું નિહાલ કરી નાંખીશ તો પછી જોઇ લ્યો કે અંધ વિશ્વાસીયો તેમાં સપડાય છે કે નહીં? જ્યાં આવી સ્થિતી હોય ત્યાં બિચારા પંડિત શ્રી મન્શારામનું ટકુ ચાલે તેમાં નવાઈ શી ? પંડિતજીએ એક સાત પૃષ્ઠની ચોપરડી કહાડી છે. તેનું નામ રાખ્યું છે "પાગલ ન જો ગુરૂ" પ્રથમ તો આ વર્ણશંકર ભાષા જોઇ મને તો પ્રોફેસર મહેશચરણસિંહ યાદ આવ્યા જેને ટોપી અમેરીકન, ધોતી હિંદુસ્તાની, કોટ અંગ્રેજી, અને ઉતરિય પીતવસ્ત્ર ગુરૂ કુલના બ્રહ્મચારીયો જેવાં મારા મિત્ર ગોકલચંદ સાથે જોઇ હસતાં હસતાં અમારાં પેટ દુખી આવતાં તેવોજ કાંઇ રંગ પંડિતજીએ આ ચોપરડીની

ભાષામાં રાખ્યો છે. કોઇ ઠેકાણે હિંદી ભાષા, કોઇ ઠેકાણે સિંધી, કોઇ ઠેકાણે ગુજરાતી. એટલેથીજ ન અટકતાં પોતાના "ઇસિમ શરીફ" ને વળી મીમ, નુન, શીનની કુરાને શરીફની ભાષામાં વર્ણવવામાં પંડિતજીએ ગૌરવ માન્યું છે! આ પુસ્તક વળી દેશના હિત ખાતર અને સનાતન ધર્મના રક્ષાર્થે આખા "સાત" પૃષ્ટનું પંડિતજીએ બનાવ્યું છે. વળી બનાવનાર પોતાને પંડિતજીના માનસુચક શબ્દથી લખે છે. આજ સુધી કોઇ તેમને પંડિતજી તરીકે જાણુતા હોય. એ મને જ્ઞાત નથી. છતાં અમને તેમાં વાંધો પણ નથી. પંડિતજી સાથે અમારી મિત્રતા છે પંડિતજી એક સારા સભ્ય ગ્રહસ્થ છે. કોણ જાણે આ ઊટપટાંગ પુસ્તક લખી પોતાનું હાસ્ય કરાવવાની યુક્તિ તેમને કયાંથી સુઝી સૌથી આશ્ચર્યની વાત વળી એ છે કે એવી ચોપરડી માટે વળી તેમને કોઇ "પરોપકારી" અકલનો સાગર શેઠ મળ્યો છે. જેણે તે ગુપ્ત નામે પોતાના ખર્ચે છપાવી છે! પણ તે બિચારા શેઠિયાઓનો પણ દોષ શો? "ડોશી મા તું કહે તે સત્ય" કહેતાં શીખ્યા છે. આર્ય સમાજના વિરૂદ્ધ કોઈ ગમે તેમ યદ્વાતદ્વા બકે તે ખરો સનાતની તેઓ સમજે. જ્યાં આટલી અજ્ઞાનતા હોય ત્યાં "જે કાઢે તેનું હાલે" તેમાં આશ્ચર્ય શું? એમજ છે તો હું પણ મારૂં "કાઢે એનું હાલે" એવું આપને કેમ ન સંભળાવું માટે કૃપા કરી ધ્યાન આપી વાંચશોજી.

" કાઢે એનું હાલે."

મન મોટું ખોટું નહી પાસે, ખરો ખેલ લઇ ખ્યાલે;
હઠ હિંમતથી જો આદરીએ, કાઢે એનું હાલે. ૧
દુનીયામાં ધુતારા ઢોંગી, ઢોંગ મચાવી માહાલે;
તો પણ દુનીયાં ઢોંગ ન માને, કાઢે એનું હાલે. ૨
છે દુનીયામાં એકજ ઇશ્વર, રંક રાયને પાળે;
ઘરઘર નોખો માંની બેઠા, કાઢે એનું હાલે. ૩
ઇશ્વર થઇ આચારી સર્વે, લુંટે નાણું ડાલે;
તો પણ તેને કોઇ ન પુછે, કાઢે એનું હાલે. ૪
જો કોઇ મરે કે જન્મે, તુરત ધુતાવે તાલે;
ડોશી, જોશી, ગોર, ગપોટી, કાઢે એનું હાલે. ૫
જંતર મંતર જાદુ ટોણાં, ગપ મારે છે ગાલે;
હયા ફુટા હૈયે ન જાણે, કાઢે એનું હાલે. ૬
મરનારાનો પતો મળે નહી, પણ પરવાના આલે;
શ્રાદ્ધ કરાવી લુંટ મચાવે, કાઢે એનું હાલે. ૭
રોગ થાય ભોગોને જોગે, કહે છે મોંઢે કાલે;
કહે ભુવાને ભુત કાઢવા, કાઢે એનું હાલે. ૮
પ્રસાદ પાણી ધુલ ભભુતી, દીએ તે મોંમાં ઘાલે;
પછી પૈસાની લુંટ મચાવે, કાઢે એનું હાલે. ૯
ઘર કરતાં મંદિરડાં ઝાઝાં, જાય ન હાથે ઠાલે;
પાઇ પૈસો કે ઘઉં ને ચોખા, કાઢે એનું હાલે. ૧૦

ઠાકુર દ્વારે અંધારી કોટડી, બાવોજી ઘર ઘાલે;
.... કાઢે એનું હાલે. ૧૧
મંદીરના મોટા મહારાજો, જોઇ હૈયામાં સાલે;
.... કાઢે એનું હાલે. ૧૨
તોય મુરખડાં બની માંકડાં, અભણ્ગુરૂને આલે;
જો કહીએ તો વઢવા ચાલે, કાઢે એનું હાલે. ૧૩
માંસ, મદીરા, મૈથુન મુદ્રા, હિંદુ હાથ ન ઝાલે;
દેવી વાલા કાંઇ ન મુકે, કાઢે એનું હાલે. ૧૪
આખી દુનીયાં ઇશ્વર માંને, બે પગથી જે ચાલે;
જૈન, બૌદ્ધે, ઉડાવી દીધો, કાઢે એનું હાલે. ૧૫
જેમ ભમાવે તેમ ભમે છે, ખરો પ્રભુ નહી ખ્યાલે;
કહો હવે કરવું શું એનું, કાઢે એનું હાલે. ૧૬
વોહરાજીના નાડાને જેમ, બે હાથે લઇ ઝાલે;
ઝાલ્યા કેડે મુવે ન મુકે, કાઢે એનું હાલે. ૧૭
શીખામણ્ જો સારી દઇએ, કહેશે દેજો કાલે;
વાંસેથી વગોણાં બોલે, કાઢે એનું હાલે. ૧૮
દેશ બધામાં લંપટ લોભી, લુંટે ઢોંગ ધમાલે;
આવી દશા આ ભારતડાંની, કાઢે એનું હાલે. ૧૯
રિદ્ધિ, સિદ્ધિ, નવેનિધિઓ, ગઈ વાગતે ઢાલે;
ઇશ્વર એપર મહેર કરીને, દિલના પડદા ખોલે. ૨૦
ક્યાં પથ્થર ક્યાં વૃક્ષ વનનું, બને સંયોગ કોઇ કાળે;
જોઇ લ્યો વૃંદા શાલીગરામનું, કાઢે એનું હાલે. ૨૧

અહલ્યાને ચળવાને કાજે, સુરપતિ કોઇ દીન ચાલે;
દેવપતિને દોષીત કીધો, કાઢે એનું હાલે. ૨૨
ગજ મસ્તકને દેહ મનુષની, મુષક પર તે માહલે;
કોઇ વિચાર કરી નવ દેખે, કાઢે એનું હાલે. ૨૩
ગોપી સાથ ગુણુ હીન બનાવ્યા, કહે રાસ રમાડયા વાહલે;
આચારી થઇ અંધ બનાવે, કાઢે એનું હાલે. ૨૪
આવી અંધ પ્રજાની આગળ, જે કાઢો તે ચાલે;
ત્યારે નરસિંહ કેમ ન કાઢે, કાઢે એનું હાલે. ૨૫
આભારી હું કે. ટી. નો જે, લાવ્યો કાવ્ય આ ખ્યાલે;
નરસિંહ હુતો પરહિત ખાતર, કાઢે એનું હાલે. ૨૬
વાંચક બુદ્ધિ કાંઇક હોય તો, આજે અથવા કાલે;
મન્શારામને સોંપી દેજો, કાઢે એનું હાલે. ૨૭
મન્શારામી માયામાં જે, આંખ મીચીને ચાલે;
મુછ દાઢીનો પત્તો ન લાગે, કાઢે એનું હાલે. ૨૮
મરેલાપર ટેક્ષ લગાવી, લુંટી લીધો કાળે;
આંખ ખુલ્યા પછી કેમ એ ચાલે, કાઢે એનું હાલે. ૨૯
પાય, પિંઢ, લાય, લિંઢ, હવે જરા નહી ચાલે;
વેદ જ્ઞાન પ્રકાશ પછી, કેમ કાઢે એનું હાલે. ૩૦

" श्रीयुत मन्शारामने बे बोल. "

માટે હે પંડિતજી મહારાજ હવે આપનું કાંઇ નહી ચાલે મિથ્યા પરિશ્રમ ન કરો. હવે પાપનો ઘડો ફૂટી ગયો છે. હવે આપના अनाचार्य द्विज श्रेष्ठ વાળો શ્લોક કામ કરશે નહી.

પ્રથમ તો આપ તેજ શ્લોકનાં અર્થમાં ઠગાઇ કરો છો. દ્વિજ શબ્દનો અર્થ કેવળ બ્રાહ્મણ એ આપના કોઇ કોષમાં લખેલ હોય તો બતાવજો ? દ્વિજ નો અર્થ બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય છે. જો તેઓ દુરાચારી છતાં પુજવા લાયક છે તો આસન શેખ જો હોત તો તેની પુજા કરો કે નહી ? વાલ્મીક, વ્યાસ, પારાશર, કબીર, મુનીવાહન આદી નીચ કુલોત્પન્ન હતા છતાં તેઓને પુજ્ય માનો છો કે નહી ? પંડિતજી સત્ય કહો; ભલા આપની પાસે એક બબરચી બ્રાહ્મણ દેવતા કલેકટર સાહેબ કે કમીશનર સાહેબની સાથે આવે તો બન્નેને સમાન માન આપો કે ઓછુ વધતું ? દુર ન જાઓ, ભલા એક દુધ વેચનાર બ્રાહ્મણ અને આપને પુસ્તક છપાવવામાં મદદ કરનાર શેઠ સાથે આવે તો કોને વિશેષ માન આપો ?

મહારાજજી ! શા માટે બિચારા ભોળા યજમાનોને ભમાવવા યત્ન કરો છો ? હવે આ માયા લાંબો સમય રહેનાર નથી. અમે તો તમારૂં હીત કરીયે છીયે વિદ્વાન અને મુર્ખનું સમાન માન જ્યાં થતું હોય ત્યાં શ્રી મનુ મહારાજ દૈવી આફતો આવવાનું જણાવે છે. જ્યાં સુધી વિદ્વાન્ અને મૂર્ખની પરીક્ષા થશે નહી ત્યાં સુધી આપ સરીખા પંડિતોની કોઇ કદર કરશેજ નહી એ યાદ રાખજો. વિશેષ આ વિષય માટે "કાગહંસ પરીક્ષા" નામક પુસ્તકમાં લખવામાં આવ્યું છે, જો હીમત હોય તો તેનો કાંઇ ઉત્તર આપો. નહી તો આવી ઉટ પટાંગ ચોપરડીઓથી આપનું કાંઇ વળશે નહી. "પાગલ" અર્થાત ગાંડો, ગાંડાઓનો ગુરૂ બની જ્ઞાની થઈ શકે નહી તેને

પણ ગાંડોજ સમજવામાં આવે છે માટે આ ગાંડાઓના પ્રલાપને કોઇ સાંભળે તેમ નથી. અંતમાં નાંખેલ લાવણી પણ તેવોજ પ્રલાપ છે " સબ ચલો ઝાંખી કરનેકુ ભેટ ધરનેકુ " જાણે કેશવરાય, ગિરધરરાય, બ્રિજરાય, મન્શા, શિંગ ભવાની, ગોવરધનનાથ, વિગેરેની ઝાંખી કરવા બધાને લઇ જાઓ છો ! પણ પંડિતજી કોઈ ગિરધરરાય, બ્રિજરાયના સ્થાને "વિશ્વરાય" અને ગોવરધનનાથના સ્થાને બ્રહ્માંડનાથનાં દર્શન કરતા હોય તો તેમાં આપનું તેઓ શું બગાડે છે? બ્રિજનાથ, ગોપાલરાય-ગિરધરરાય, આદી પોતે તેઓને પુછી શકતા નથી કે? આપ તેઓની વકીલાત કરવા શા માટે નિકળ્યા છો? શું વિશ્વરાય અને બ્રહ્માંડનાથથી તમારા બ્રિજરાય, ગિરધરરાય, ગોવરધન-નાથ, અને ગોકુલનાથ વિશેશ છે કે? * જરા પરમાત્માનો ભય તો રાખો! એકજ પરબ્રહ્મ પરમાત્માના ઉપાસકોની નિંદ્યા કરવા વાળા આપને અમે શું કહીયે? અમારા ગુરૂઓની પણ વકીલાત કરવા તમે નિકળ્યા છો તો થોડુંક તો સમજાવો કે ગુરૂ કોને કહેવો? તે કેવો હોવો જોઇયે? શા માટે કરવો જોઇયે? શું ગુરૂ ગમે તેવો નીચ દુરાચારી હોય, તો પણ તે પુજ્ય છે? જો તેમ ન હોય તો અમારી સત્યવાતો તરફ કાંઈ

---

* ભારત સમ્રાટ મહારાજ પંચમ જોર્જને કોઈ નગરઠકુરાધીશ કે, કરાંચીપતી કહે તો કહેનારને બધા મુર્ખ સમજે, પણ અનંત બ્રહ્માંડોના સ્વામીપર બ્રહ્મ પરમાત્માને ગોવરધનનાથ અને ગોકુલનાથ

પણ લક્ષ ન આપતાં અમારી નિંધા કરનારને અમે નિંદકની ઉપમા કેમ ન આપીયે ?

સ્થાનના અભાવે હું વધુ નથી લખતો. આપ અમારા મિત્ર છો, આપને કાંઇ તીક્ષણ લાગે તો ક્ષમા કરશો. સત્ય ખાતર મ્હેં તે લખ્યું છે. આપ આવા મિથ્યા પ્રયાસમાં ફરી પડશો નહી. મારી આપને એજ સલાહ છે. નહી તો સમજદાર વર્ગમાં મુફતમાં પોતાનુ હાસ્ય કરાવશો.

હજી એક વાત શેષ રહી ગઇ છે. આપના પુસ્તકના અંતમાં આપે કેટલાક શેઠીયાઓની, જેઓએ મંદિર બંધાવ્યાં છે, તેઓની પ્રશંશા કરી છે, તે વાંચી મને એક શ્લોક યાદ આવ્યો; તે વિનોદાર્થે આપવો અનુચિત નહી ગણાય.

उष्ट्राणाम विवाहतु । रासभा गीत गायका ॥
परस्पर प्रशंसती। अहोरुपं अहो ध्वनि ॥१॥

અર્થઃ—ઉંટનો વિવાહ હતો તે વખતે ગવૈયા તરીકે ગર્ધવસેનને બોલાવવામાં આવ્યો હતો. તે જ્યારે મધુર સ્વરથી હુંઇ હું હુંઈ હું કરી ગાવા લાગ્યો અને ઊંટ મહારાજની તારીફ કરવા લાગ્યો કે ઉષ્ટ્રરાજ તમારૂં રૂપ બહુ સુંદર છે ત્યારે ઉષ્ટ્રરાજ કહેવા લાગ્યો કે ગર્ધવસેન તમારી ધ્વની અર્થાત ગાયન ક્યાં કમ છે ! !

તેવીજ મતી પંડિતજીએ વાપરી છે. જો કે અમારા દેશ-

દાનની પદ્ધતિ સ્તુતી કરવા યોગ્ય બિલકુલ નથી. પંડિતજી! આપે ગીત તેઓનાંજ ગાયાં છે જેઓએ માત્ર મંદિરો બનાવ્યાં છે. જેથી દેશનું હિત કાંઈ પણ થયું હોય એમ સંભવતુ નથી! દાખલા તરીકે શેઠ ગંગારામની આપે તારીફ કરી છે પણ હું પુછુ છું કે એમાં તેઓએ કેવી મોટી વાત કરી છે! લક્ષાપતી શેઠ એક મકાન શોભા ખાતર બનાવી નાંખે તેમાં સંસારને શો લાભ થયો? મંદિરોની પહેલાં કયાં અછત હતી? તેઓના મંદિરથી દેશને શો લાભ થયો? શેઠ નારાયણદાસના કામથી અને કેવલરામના કામથી કાંઇક અંશે સર્વ સાધારણને લાભ થયો છે. જેઓથી ખરેખરો લાભ થયો છે તેવાં કાર્યોનું તો આપને ભાનજ નથી, તે ઉપયોગી કાર્યોનું જરાક દિગદર્શન કરો, પછી તમારાં મંદિરો સાથે સરખાવો.

(૧) શેઠ રતનચંદ ચાંદુમલની કન્યાશાળા.

૨ સ્વર્ગવાસીની જમનાંબાઈની હૉસ્પીટાલ.

૩ શેઠ તોલારામે આપેલ રૂપીઆ ૩૫) હજાર હૉસ્પીટાલ માટે

૪ શેઠ ચત્રભોજદાસ ગંગારામે આપેલ રૂ.૧૧) હજાર સ્કુલ માટે.

૫ શેઠ થાવરદાસ અને શેઠ લખુમલે બનાવેલ ધર્મશાળા.

૬ જાનવરોની હૉસ્પીટાલ માટે શેઠ ગોવરધનદાસે આપેલ સાત હજાર રૂપીઆ.

૭ ગૌશાળા બનાવનારા ગૃહસ્થો.

૮ શ્મશાન ભુમીમાં મકાનો બનાવનારા સજ્જનો.

નારાઓનાં આપ ગીત ગાવા માંડયા છો તેથી હસવું આવે છે. મંદિરો બનાવવાનો લોકોને એક જાતનો ચેપ લાગેલો હોય છે. પરમાત્મા એક છે, યદિ તેની મુર્તી તમને બનાવવી હોય તો આવા નાનકડા ગામમાં એક, બે કે ત્રણ મંદિરોથી વિષેશની શી આવશ્યક્તા છે લોકો વાહવાહ કરે, એથી વિશેષ બીજો કોઇ હેતુ સમજાતો નથી. આ લાખો રૂપીયા જો દેશમાં વિદ્યા અને હુન્નર પાછળ ખર્ચાય તો કેટલું હિત થાય! આપ માસ્તર અને પંડિત થઇ, વિદ્યા તરફ લોકોની રૂચી ન લગાવતાં તારીફ માત્ર મંદિરો બનાવનારાની કરો, એ ખરેખર શોક જનક છે! શેઠ શંગારામવાળું મંદિર નકામું પડયું છે ! જો તેવા સ્થળે તે શ્રીમાન સંસ્કૃત પાઠશાળા ખોલે તો નકામું પડેલ મકાન કાંઇ ઉપયોગમાં આવી જાય. મહારાજોના ઉતરવા માટે બીજા મકાનો કયાં ખુટી ગયાં છે. અંતીમ પ્રાર્થના એજ છે કે, આપ બુદ્ધિમાન છો. પુનઃ સત્યાસત્યનો વિચાર કરી સત્યપક્ષ ગૃહણ કરશો; અને લોકોને કુમાર્ગે પ્રેરીત કરી, દેશધનનો કુમાર્ગે નાશ કરાવી, પાપના ભાગી ન બનતાં, લોકોને સન્માર્ગે દોરવી દેશહિતમાં ભાગ લેઇ, કલ્યાણના ભાગી બનશો.

ओ३म् शान्तिः ! शान्तिः !! शान्तिः !!!

હું છુ આપનો શુભેચ્છક,

નરસિંહલાલ ધમનમલ.

એક નમ્ર પ્રાર્થના.

જેમ અન્ન વિના પ્રાણ નહીં તેમજ સમાજ મંદિર વિના સમાજનું અસ્તીત્વ નહીં જેવુંજ હોય છે. બલ્કે કેટલેક સ્થળે તો સમાજ મંદિરેજ કેટલીક સમાજોને ટકાવી રાખી છે. વસ્તુ-સ્થીતિ આવી હોવાને લીધે કેટલાક સુજ્ઞ મહાશયોની સહાયતાથી અત્રેની સમાજે મંદિર ફંડ ખોલ્યું છે તેમાં રૂ. ૨૦૦૦ પ્રાપ્ત પણ થયા છે. અમદાવાદ જેવા વેપારમાં ખીલતા શહેરમાં સમાજને શોભે તેવું મંદિર બનાવવાને ઓછામાં ઓછા રૂપીયા દશ હજાર જોઈએ, આ રકમ ક્યાંથી પ્રાપ્ત કરવી એ વિકટ પ્રશ્ન છે પણ પુરૂષાર્થી આર્યોને તે કંઇ અશક્ય નથી. અત્રે જન શ્રુતિ "ટીંપે ટીંપે સરોવર ભરાય" એ યાદ દેવડાવવાની જરૂર નથી, કારણ કે દરેક આર્ય "પરસ્પર તુમ બનો રક્ષક, યહ ઉત્તમ મત હમારા હયે" થી વાકેફજ છે. અંતિમ પ્રાર્થના એજ છે કે દરેક આર્યે પોતાની શકત્યાનુસાર આ કાર્યમાં મદદ કરવી. અત્રેની સમાજે પુસ્તક પ્રચારક ફંડ ખોલ્યું છે અને તે દ્વારા નાના નાના ટ્રેકટો સમયાંતરે પ્રસિદ્ધ થશે. દરેક આર્ય સમાજને વિનંતિ છે જે તેઓએ પુસ્તકો ખરીદી તેનો પ્રચાર કરવો, કારણ કે પુસ્તકો પ્રસિદ્ધ થવાનો આધાર તેના વેચાણપરજ રહેશે

બ્રહ્મચર્યાશ્રમનો પુનરૂદ્ધાર કરો !

વેદ વિદ્યાનું શિક્ષણ આપો.

બ્રહ્મચારીઓ માટે ભિક્ષા માંગતા વૉલંટીયરોને શું આપ મદદ નહિ કરો?

सर्वेषामेव दानानाम् ब्रह्मदानं विशिष्यते ॥

(૧) ગુરૂકુળ એટલે શું !

પ્રાચીન સમયમાં હરેક આર્ય બાળકને આઠ વર્ષની ઉમરે વેદારંભ સંસ્કાર કરી, તેને જનોઇ આપી ગુરૂગૃહે મોકલવામાં આવતો, ગુરૂના આશ્રમ શહેરોની ગંદી હવાથી દૂર, નદી અથવા સમુદ્ર કિનારે જંગલની શુદ્ધ હવામાં રહેતા. હરેક બાળક આશ્રમમાં ગુરૂ આધિન રહીને બ્રહ્મચર્યનુ પાલન કરતો ને પચીસ વર્ષની ઉમર સુધી ત્યાં રહી સર્વ પ્રકારની વિદ્યા મેળવતો, વેદનું અધ્યયન કરતો, ને પુરી ઉમર થતાં ગુરૂ પાસેથી રજા લઇ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો–આ ગુરૂના આશ્રમ ગુરૂકુળ કહેવાતા.

(૨) આવું ગુરૂકુળ આપણા મુંબઈ ઇલાકામાં ક્યાં છે ?

સમુદ્રની સપાટીથી ૫૦૦૦ ફીટ ઉંચાઈપર, હલકી તથા શુદ્ધ હવાવાળા, સુંદર, રમણીય, વસ્તીથી દૂર, નાશિક પ્રદેશમાં, નાશિક સ્ટેશનથી પાંચજ મીનીટને રસ્તે, સરદાર વીંચુરકરના

ગીચામાં

હા. ત્યાં હમણાં આશરે ૪૦ બ્રહ્મચારી છે. તેઓને ત્યાંજ રાખવામાં આવે છે. રોજ તેઓને નિત્યનિયમ તરીકે પ્રાતઃકાળે બ્રાહ્મ મુહુર્તમાં ઉઠાડી સાંજ સવાર બંને વખત સન્ધ્યા અગ્નિહોત્ર કરાવવામાં આવે છે, રોજ સાંજ સવાર કસરત (દંડ, ક્રીકેટ, બેઠક, સેન્ડો, મગદળ ઇત્યાદિ) કરાવાય છે, તથા તે પછી આશ્રમનીજ ગાયોનું તાજું દૂધ પીવા અપાય છે. તેઓ ત્રણ કલાક સવારે તથા બે કલાક પાછલા પહોરના અધ્યયન કરે છે. ઉપરાંત બે કલાક સ્વાધ્યાય કરે છે. તેઓને વિદ્યા આપવા તથા તેઓનું પિતાવત રક્ષણ કરવા અધ્યાપકો ત્યાંજ રહે છે. **મી. પ્રાણજીવન વી. ગુપ્ત** બી. એ., એલ. એલ. બી. જેઓ અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી, મરાઠી, ગુજરાતી, ભાષાઓના તથા સાયન્સના જ્ઞાતા છે, તેવા બાહોશ નર તેના પ્રીન્સીપાલ તરીકે કામ કરે છે. શાસ્ત્રીની મધ્યમ પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલા પંડિત સંસ્કૃત શીખવે છે, વેદપાઠી વેદનું તથા કર્મકાંડનું શિક્ષણ આપે છે. ઉપરાંત બીજા મેટ્રીક પાસ થયેલા, અંગ્રેજી શિક્ષક તથા સીનીયર ટ્રેન્ડ, ફર્સ્ટ કલાસમાં પાસ થયેલા બીજા ચાર શિક્ષકો તથા ડ્રોઇંગ માટે થર્ડગ્રેડ પાસ થયેલ ડ્રોઇંગ શિક્ષક છે, તથા બીજા ત્રણ રક્ષકો છે. તેઓને ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, ભુગોળ, સાયન્સ, ગણિત, ડ્રોઇંગ, ધર્મ ઇત્યાદિ સર્વ વિષય શિખવવામાં આવે છે. વળી તેઓને સારા નગા ...

હમણાં તે ખાતાનો ખર્ચ મહીને રૂ. ૧૫૦૦ ને આશરે આવે છે. તેમાં બ્રહ્મચારી દીઠ રૂ. ૧૨) મહીને તેના માબાપ આપે છે, એટલે રૂ. ૧૦૦૦) મહીને દાનવીર મહાપુરૂષો આપે છે ત્યારેજ આ ખાતું ચાલે છે. વળી હાલમાંતો વિદ્યાલય ભાડાના મકાનમાં છે. ભાડું વર્ષે રૂ. ૨૦૦૦ છે તોપણ જગ્યાની તંગી પડે છે. દરેક વર્ષે ૧૦૦ ઉપરાંત અરજી આવે છે તોપણ ૧૦ થી વધારે દાખલ કરી શકતા નથી; કારણ કે ખર્ચ પ્હોંચી શકાતો નથી.

(૫) ત્યારે આ ખાતાની જરૂરીઆતો શું છે?

દરવર્ષે ૧૦ બ્રહ્મચારીઓ વધે તોપણ પાંચ વર્ષ પછી ૧૦૦ બ્રહ્મચારીઓ થશે. તેઓના સ્ટાફને માટે તથા તેમને માટે રહેવાના તથા શીખવાના આશ્રમો, તેમને માટે કસરતશાળા, પ્રયોગશાળા, યજ્ઞશાળા, ગૌશાળા, ભોજનગ્રહ, ભંડાર ઇત્યાદિ સર્વ મકાનો થવા જોઇએ.

નાશિક જેવા પવિત્ર સ્થળમાં જ્યાં હવા પાણી ઉત્તમ છે અને શરિર, બુદ્ધિનો તથા આત્માનો વિકાસ ઉત્તમ થવા સંભવ છે ત્યાં આવા મકાન કોઈ બંધાવી નહી આપે ? આ મકાનો બંધાવાનો ખર્ચ રૂપીઆ ત્રણ લાખ થશે. વળી બ્રહ્મચારીઓનો ખર્ચ પહોંચી વળવા માટે સ્થિર ફંડની જરૂર છે.

આ ખર્ચ પહોંચી વળવા માટે આપની પાસે બ્રહ્મચારી તરફથી ભિક્ષા માંગવા વૉલંટીયર થયા છે તેને જરૂર મદદ [illegible] આના ફંડ અથવા રૂપીઆ ફંડમાં ઓછામાં